# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-02-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## બજેટ:

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે લોકસભામાં કેન્દ્રીય અંદાજપત્ર 2026-27 રજૂ કરશે.તે સાથે સતત નવમી વાર બજેટ રજુ કરનાર તેઓ પ્રથમ નાણામંત્રી બનશે.દેશના ઈતિહાસમાં પહેલીવાર રવિવારે રજાના દિવસે રજુ થનાર આ બજેટમાં મધ્યમ વર્ગ,મહિલાઓ,યુવાનો, રોજગાર વગેરે પર લોકોની મીટ છે. ગુજરાત એક અગ્રણી ઔદ્યોગિક રાજ્ય હોવાને નાતે આ બજેટ પાસેથી વિશેષ આશાઓ સેવી રહ્યું છે.

---

## છારી ઢંઢ-રામસર સાઈટ:

**રામસર સ્થળોમાં બે નવા જળપ્લાવિત ક્ષેત્ર ઉમેરવાની જાહેરાત કરી છે. તેમાં કચ્છ જિલ્લામાં છારી-ઢંઢ અને ઉત્તરપ્રદેશના ઈટાહ જિલ્લામાં પટના પક્ષી અભયારણ્યનો સમાવેશ થાય છે. આ અંગે રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું, કે દેશના ૨૧% વેટલેન્ડ સાથે ગુજરાત અગ્રેસર છે. પર્યાવરણ સુરક્ષા ક્ષેત્રે ગુજરાત માટે આ ગૌરવની બાબત છે.**

**કચ્છના છારી-ઢંઢ પક્ષી અભયારણ્યને રામસર સાઈટ જાહેર કરવામાં આવતા ગુજરાતમાં રામસર સાઈટની સંખ્યા પાંચ પર પહોંચી છે. રામસર સાઇટનો દરજ્જો મળવાથી છારી-ઢંઢને હવે વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધિ મળશે,જેનાથી કચ્છમાં ઇકો-ટૂરિઝમનો વિકાસ થશે અને સ્થાનિક રોજગારીની તકો વધશે.**

---

## તટ રક્ષક દિવસ:

**વયમ રક્ષામ:ના ભાવ સાથે કાર્યરત અને દેશની સમુદ્રી સુરક્ષા સાથે પર્યાવરણનું રક્ષણ કરતા કોસ્ટગાર્ડના જવાનોના સેવા, સમર્પણ અને બહાદુરીનું સન્માન કરવા માટે આજે 1 ફેબ્રુઆરીના રોજ તટ રક્ષક દિવસ ઉજવવામાં આવે છે.1 ફેબ્રુઆરી 1977ના રોજ માત્ર 7 જહાજોના નાના કાફલા સાથે શરૂ થયેલુ આ દળ આજે 180 જહાજો અને 90 વિમાનો સાથે વિશ્વનું ચોથુ સૌથી મોટુ તટરક્ષક દળ બની રહ્યુ છે. અગિયાર હજાર અઠાણુ કિલોમીટર દરિયાઈ સરહદનું અભેધ્ય કવચ બની રહેલુ ભારતીય કોસ્ટગાર્ડ આજે તેની સ્થાપનાના 50 વર્ષ સફળતા પુર્વક પુર્ણ કરી સુવર્ણ જયંતિમાં પ્રવેશી રહ્યુ છે. જેની ઉજવણી થઈ રહી છે.**

---

## માઘી પુનમ:

આજે મહા મહીનાની પૂનમ- માઘી પૂર્ણિમા તરીકે ધાર્મિક અને આધ્યાત્મિક રીતે વિશેષ મહત્વ ધરાવે છે. પ્રયાગરાજ સંગમ,ગંગા,યમુના જેવી પવિત્ર નદીઓમાં સ્નાન કરી,દાનપુણ્ય દ્વારા આસ્થાના પર્વ તરીકે લોકો ઉજવશે. કચ્છના પાવરપટ્ટી વિસ્તારના નીરોણા ખાતે અખિલ ભારત માતંગ મંડળ સેવા ટ્રસ્ટ દ્વારા માઘસ્નાનીઓ એવા વ્રતધારીઓ અને ધર્મગુરુઓના સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો.

---

## જલ મંદિર નિર્માણ:

કચ્છની ધરતીને નવપલ્લવિત કરવાના ઉદેશ સાથે પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા ફાઉન્ડેશન સુરત અને કચ્છ જલધારા સેવા સંઘના સંયુક્ત ઉપક્રમે સરહદી જીલ્લા કચ્છમાં જલમંદિર નિર્માણ યાત્રા અંતર્ગત જીલ્લામાં આ કાર્યના નિરીક્ષણ માટે પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા આવતીકાલે ખાસ કચ્છ આવી રહ્યા છે. જેઓ નિર્માણાધીન વિસ્તારોની રૂબરૂ મુલાકાત લઈને વિશેષ માર્ગદર્શન પૂરું પાડશે.એમ સંસ્થાની યાદીમાં જણાવાયુ છે.

---

## ક્રિકેટ:

ભારતે ન્યૂઝીલેન્ડને પાંચમી અને અંતિમ ટી 20 મેચમાં 46 રને હરાવી શ્રેણી 4 વિરુદ્ધ એક મેચથી જીતી લીધી છે. તિરુવંતનપુરમના ગ્રીન ફિલ્ડ સ્ટેડિયમ પરની મેચમાં ભારતીય ટીમે 5 વિકેટ ગુમાવી 271 રન કર્યા હતા. ઈશાન કિશને 103 સુકાની સૂર્ય કુમાર યાદવે 63 અને હાર્દિક પંડ્યાએ 42 રન કર્યા હતા. ન્યુઝીલેન્ડ ની ટીમ 225 રન કરી શકી હતી ભારતીય ટીમ ના અર્શદીપ સિંહે 51 રનમાં 5 અને અક્ષર પટેલે 3 વિકેટ ઝડપી હતી.

---

## ધોરડો-સ્વચ્છતા અભિયાન-રાજ્યમંત્રી:

હાલ કચ્છમાં ચાલી રહેલા રણોત્સવ અંતર્ગત ધોરડો રોડ ટુ હેવન ખાતે કચ્છ કલેકટર આનંદ પટેલના માર્ગદર્શનમાં સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું, જેમાં વહીવટી તંત્ર, જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી, વિવિધ સંસ્થાઓ અને શાળાઓના સહયોગ દ્વારા ધોરડોથી ટેન્ટ સીટી સુધી ધોરડો પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત જાગૃતિ માટે યોજાયેલી રેલી ને ગુજરાતના કેબિનેટ શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજા અને જિલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમારે રેલીને લીલી ઝંડી આપી હતી.

તારીખ 28 ફેબ્રુઆરી સુધીમાં વિવિધ પ્રવૃત્તિઓ થકી દેશ વિદેશના પ્રવાસીઓમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ ફેલાવવાનું કાર્ય થશે.

---

## અબડાસા ખાતમુહૂર્ત:

સરકારના માર્ગ મકાન તેમજ સિંચાઈ વિભાગ હસ્તકના અબડાસા તાલુકાના વિવિધ અગત્યના વિકાસ કામોનું ખાતમુહૂર્ત આજે ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવશે.

---

# મધ્યસ્થીકરણ ઝુંબેશ:

નાલસા તથા સ્ટેટ દ્વારા મીડિયેશન ફોર ધ નેશન 2.0 અન્વયે 2 જાન્યુ.2026 થી મીડિયેશન ડ્રાઈવ (મધ્યસ્થીકરણ ઝુંબેશ) શરૂ કરવામાં આવી છે, જેમાં સમગ્ર રાજ્યની તાલુકા કોર્ટ, જિલ્લા કોર્ટ તથા હાઈકોર્ટના પડતર કેસોમાં મધ્યસ્થીકરણ કરાવી સુખદ સમાધાન લાવવાના પ્રયત્નો કરવાના છે, કચ્છ જિલ્લાના તમામ પક્ષકારોને આ અભિયાનનો લાભ લેવા માટે અરજી કરી તે કેસોના મધ્યસ્થીકરણની નિકાલ લાવવાના પ્રયત્ન કરવા માટે સંપૂર્ણ સહકાર આપવા અનુરોધ કરાયો છે. વધુ જાણકારી માટે નજીકની તાલુકા અદાલત વિકલ્પે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ભુજનો સંપર્ક કરવા જણાવાયું છે.

---